सत्यमेव जयते

| | |
|---|---|
| કેસ દાખલ કર્યા તા. | ૨૦/૧૨/૨૦૨૪ |
| કેસ રજી.લીધા તા. | ૨૦/૧૨/૨૦૨૪ |
| ઠરાવ જાહેર કર્યા તા. | ૧૩/૦૩/૨૦૨૬ |
| સમયગાળો : | વર્ષ : માસ : દિવસ : |

---

**પોરબંદરના નામદાર બીજા એડી ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ સમક્ષ, મુકામ પોરબંદર**

---

**ફોજદારી કેસ નં.૬૨૪૨/૨૦૨૪**
**આંક- ૨૪**

**શ્રી સ ર કા ર** **.....ફરીયાદી**

**-: વિરૂદ્ધ :-**

**ઈશ્વરસિંહ ગંભીરસિંહ ગોહીલ ઉ.વ. ૨૭**
**રહે. બગવદર પોલીસ લાઇન,**
**તા.જી.પોરબંદર** **.....આરોપી**

**ગુનો : બી.એન.એસ.ની કલમ-૨૮૧,૧૦૬(૧) તથા એમ.વી.એકટની કલમ-૧૮૩,૧૮૪,૧૭૭,૧૮૧-૩ મુજબ**

---

**શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી. શ્રી એસ.બી.પરમાર**
**શ્રી આરોપીઓ પક્ષ તરફે વિ.વ.શ્રી.એસ.એચ.પરમાર**

---

**-: ઠ રા વ :-**

**(૧)** આ કામે ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,તહોમતદારે તા. ૨૨/૦૭/૨૦૨૪ ના રોજ કલાક ૨૨:૦૦ વાગ્યાના અરસામાં દેગામ ગામ શ્રીરામ નર્સરી પાસે પોરબંદર ખંભાળયા હાઈવે રોડ ઉપર વગર ડ્રાઈવીંગ લાયસન્સે પોતાના હવાલાની ટોયોટા કંપનીની અર્બન કૃઝર ફોરવ્હિલ કાર રજી.નં. જી.જે.૨૫ એ.એ. ૯૦૮૨ પુરઝડપે અને ગફલત ભરી રીતે રોડ ઉપરના વરસાદી પાણીમાં ચલાવતા ફોરવ્હિલ કારની વધુ સ્પીડ હોવાના કારણે રોડ ઉપર વરસાદી પાણીમાં ઉછડતા સ્ટીયરીંગ ઉપરનો કાબુ ગુમાવી દેતા ફોરવ્હિલ કાર લીમડાના થર સાથે અથડાતા ડ્રાઈવીંગની બાજુમાં આગળની સીટમાં બેસેલ મરણ જનાર

વનરાજભાઈ કારાભાઈ ઓડેદરાનાઓને માથાના ભાગે ગંભીર ઈજા થતાં મોત નિપજેલ હોવાથી ગુનો કરતા, આ કામના ફરીયાદીએ ફરીયાદ કરતા આરોપી વિરૂદ્ધ પુરતા પુરાવાના આધારે હાલના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) આ કામના આરોપીને સમન્સ કરતા આરોપી અદાલત સમક્ષ હાજર થતાં આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો બી.એન.એસ.એસ.ની કલમ-૨૩૦ અન્વયે પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ આરોપી સામે આંક-૦૩ થી તહોમતનામું ફરમાવી આંક-૦૪ થી પ્લી લેવામાં આવતા આરોપીએ તેની સામેના ગુનાનો સ્પષ્ટ ઈન્કાર કરતા આ કામે ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) આ કામે ફરીયાદ પક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**-: મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો :-**

| | |
|---|---|
| **આંક-૦૫** | **ફરીયાદી ચેતનાબેન વનરાજ કારાભાઈ ઓડેદરાની જુબાની** |
| **આંક-૦૬** | **ફરીયાદ** |
| **આંક-૦૭** | **સાહેદ વેજીબેન કારાભાઈ ઓડેદરાની જુબાની** |
| **આંક-૧૨** | **સાહેદ સંજયભાઈ નાગાભાઈ કારાવદરાની જુબાની** |
| **આંક-૧૩** | **બનાવવાળી જગ્યાનું પંચનામું** |
| **આંક-૧૪** | **મરણોતર પંચનામું** |
| **આંક-૧૫** | **પી.એમ.રીપોર્ટ** |
| **આંક-૧૬** | **એકસીડન્ટ રપોર્ટ ફોર્મ** |
| **આંક-૧૭** | **આરોપીનું ઈન્જરી સર્ટી** |
| **આંક-૧૮** | **પી.એમ.નોટ મોકલવા બાબતની યાદી** |
| **આંક-૨૦** | **તપાસ અમલદાર આશિષકુમાર સુરમાજી બારાની જુબાની** |
| **આંક-૨૧** | **મરણ જનારની લાશ સોંપ્યા અંગેની પહોંચ** |

(૪) ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી. દ્વારા મૌખિક વિનંતી થી પુરાવો પુરો થયાનું જણાવતા, આરોપી સામે રેકર્ડ ઉપર આવેલ પુરાવા અંગે આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ-૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં તેઓએ ફરીયાદ પક્ષનો પુરાવો ખોટો હોવાનું અને પોતે નિર્દોષ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ આ કામે ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી.ની અને બચાવ પક્ષે તેમના વિ.વકીલશ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) ઉપરોકત હકીકતે તથા પડેલ પુરાવો લક્ષમાં લેતા આ કેસના નિર્ણયાર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

| | |
|---|---|
| (૧) | **શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,તહોમતદારે તા. ૨૨/૦૭/૨૦૨૪ ના રોજ** |

| | |
|---|---|
| | **કલાક ૨૨:૦૦ વાગ્યાના અરસામાં દેગામ ગામ શ્રીરામ નર્સરી પાસે પોરબંદર ખંભાળયા હાઇવે રોડ ઉપર વગર ડ્રાઈવીંગ લાયસન્સે પોતાના હવાલાની ટોયોટા કંપનીની અર્બન ક્રૂઝર ફોરવ્હિલ કાર રજી.નં. જી.જે.૨૫ એ.એ. ૯૦૮૨ પુરઝડપે અને ગફલત ભરી રીતે રોડ ઉપરના વરસાદી પાણીમાં ચલાવતા ફોરવ્હિલ કારની વધુ સ્પીડ હોવાના કારણે રોડ ઉપર વરસાદી પાણીમાં ઉછળતા સ્ટીયરીંગ ઉપરનો કાબુ ગુમાવી દેતા ફોરવ્હિલ કાર લીમડાના થર સાથે અથડાતા ડ્રાઈવીંગની બાજુમાં આગળની સીટમાં બેસેલ મરણ જનાર વનરાજભાઇ કારાભાઇ ઓડેદરાનાઓને માથાના ભાગે ગંભીર ઇજા થતાં મોત નિપજાવી બી.એન.એસ.ની કલમ–૨૮૧,૧૦૬(૧) તથા એમ.વી.એકટની કલમ–૧૮૩,૧૮૪,૧૭૭,૧૮૧–૩ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?** |
| (૨) | **શું હુકમ ?** |

(૬) ઉપરોકત મુદાઓના મારા જવાબો નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) | **નકારમાં** |
| (૨) | **આખરી હુકમ મુજબ** |

**<u>–: કારણો :–</u>**

હાલના કામે ફરીયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ સમગ્ર પુરાવો વિસ્તારથી ધ્યાને લેવામાં આવે તો,

(૭) <u>ફરીયાદીનો પુરાવો :–</u>

ફરીયાદ પક્ષે **આંક–૦૫ થી ફરીયાદી ચેતનાબેન વનરાજ કારાભાઇ ઓડેદરા**ને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદરહું ફરીયાદી તેમના સોગંદ ઉપરના પુરાવામાં એવો પુરાવો આપે છે કે,બનાવ ગત તા. ૨૨/૦૭/૨૦૨૪ ના રોજ બનેલો. બનાવના દિવસે રાત્રીના સાડા નવથી પોણા દસ વાગ્યે મારા બા (સાસુ)ને મારી મોટી નણંદ મંજુબેનનો ફોન આવેલો અને જણાવેલ કે, બાબડા નજીક શ્રીરામ નર્સરી પાસે ઇશ્વરસિંહ ગંભીરસિંહ ગોહીલ અને વનરાજભાઈ કારાભાઈ ઓડેદારનુ એકસીડન્ટ થયેલ છે જેથી મારી બા અને મારા જેઠ ભરતભાઇ બંને પોરબંદર ભાવસિંહજી હોસ્પીટલે ગયેલા અને હુ અને મારો દિકરો ઓમ બંને મારા જેઠની વાડીએ જતા રહેલ અને બીજા દિવસે સવારે સાડા છ એક વાગ્યે સગાવાલા મારા પતિ વનરાજની લાશ લઇને આવેલા અને હુ અને મારો દિકરો મારા જેઠની વાડીએથી અમારી વાડીએ આવી ગયેલ અને મારા પતિનુ અંતિમવીધી કરેલી. મને વાત વાતમા એટલુ જાણવા મળેલ કે, વનરાજ, ઇશ્વરસિંહ અને સંજય જુનાગઢ ગયેલ હતા અને રસ્તામા શ્રીરામ નર્સરી પાસે અકસ્માત થયેલ છે. આ ત્રણેય જુનાગઢ ક્રેટા લેવા માટે અર્બન ક્રુઝર લઇને ગયેલા અને પરત આવતા હતા તે દરમિયાન સંજય ક્રેટા લઇને આગળ ડ્રાઇવ કરતો હતો અને તેની પાછળ વનરાજ અને ઇશ્વરસિંહ અર્બન ક્રુઝર લઇને પાછળ આવતા હતા અને આ વખતે ડ્રાઈવીંગ ઇશ્વરસિંહ કરતા હતા. હાલના બનાવ અંગે મે હાલની ફરિયાદ આપેલી જે આ કામે **આંક–૦૬** થી રજુ છે.

જયારે સદરહું ફરીયાદીએ આરોપી તરફેની **ઉલટ તપાસમાં** એવી હકીકત જણાવેલ છે

કે,ઈશ્વરસીહ મારા ગુજરનાર પતિના મીત્ર થાય છે.ફરીયાદી સ્વેચ્છાએ જણાવે છે કે ફરીયાદ વાળો હાલનો અકસ્માત થયેલ તે બાદ થી હું ઈશ્વરસીંહને ઓળખુ છુ.અકસ્માત જે સ્થળે થયેલ તે રોડ પોરબંદર થી બગવદર તરફ જતો જાહેર હાઈવે રોડ છે.બનાવવાળા સ્થળે માણસો તથા વાહનની સતત અવર જવર રહે છે.બનાવ વખતે હું મારા ઘરે હતી તેથી અકસ્માત વાળો બનાવ મે મારી નજરે જોયેલ નથી કે બનાવ અંગે મને કોઈ જાત માહિતી નથી.અમોએ વળતર મેળવવા માટે રાજકોટ મુકામે કલેમ કેસ કરેલ છે.મે મારી **આંક–૬** ની ફરીયાદમાં એ હકીકત જણાવેલ નથી કે" રાત્રીના સાડા નવ થી પોણા દસ વાગ્યે મારા બા (સાસુ)ને મારી મોટી નણંદ મંજુબેનનો ફોન આવેલો".ફરીયાદ વાળો અકસ્માતનો બનાવ બનેલ તે દિવસે પોરબંદર શહેરમાં ભારે વરસાદ થયેલા હતો અને વરસાદના કારણે રસ્તા ઉપર ખુબજ પાણી ભરાઈ ગયેલ હતુ.

## (૮) <u>સાહેદનો પુરાવો :–</u>

ત્યારબાદ ફરીયાદ પક્ષે **આંક–૦૭ થી સાહેદ વેજીબેન કારાભાઈ ઓડેદરા** પુરાવો આપતા જણાવે છે કે, બનાવ ગત તા. ૨૨/૦૭/૨૦૨૪ ના રોજ બનેલો. બનાવના દિવસે હુ મારી વાડીએ હતી તે વખતે મને મારા બીજા દિકરા દિપકનો ફોન આવેલ અને જાણ કરેલ કે વનરાજનુ બાબડા નજીક શ્રીરામ નર્સરી પાસે અકસ્માત થયેલ છે જેથી હુ તથા મારા દિયરનો દિકરો ભરતભાઇ બંને પોરબંદર ભાવસિંહજી હોસ્પીટલે ગયેલા જયાં મારા દિકરા વનરાજનુ મરણ છુપાવવા મને કહેલ કે વનરાજનુ ઓપરેશન ચાલુ છે એમ વાત કરી મને વનરાજને મળવા દીધેલ નહીં જેથી હુ મારી વાડીએ પરત આવી ગયેલ અને બીજા દિવસે સવારે સાતેક વાગ્યે સગાવાલા મારા દિકરા વનરાજની લાશ લઇને આવેલા અને મારા દિકરાની અંતિમવીધી કરેલી. મને વાતવાતમા એટલુ જાણવા મળેલ કે, બનાવ વખતે ઇશ્વરસિંહ ડ્રાઇવીંગ કરતા હતા અને અકસ્માત વાળો બનાવ બનેલ જે અંગે મારી પુત્રવધુ ચેતનાબેને ફરિયાદ આપેલી અને પોલીસે મારૂ નિવેદન લીધું. હું ઇશ્વર (આરોપી) ને જોયેથી ઓળખી શકું નહી.

જયારે સદરહું સાહેદે આરોપી તરફેની **ઉલટ તપાસમાં** એવી હકીકત જણાવેલ છે કે,અકસ્માત જે સ્થળે થયેલ તે રોડ પોરબંદર થી બગવદર તરફ જતો જાહેર હાઈવે રોડ છે.બનાવવાળા સ્થળે માણસો તથા વાહનની સતત અવર જવર રહે છે.બનાવ વખતે હું મારા ઘરે હતી તેથી અકસ્માત વાળો બનાવ મે મારી નજરે જોયેલ નથી કે બનાવ અંગે મને કોઈ જાત માહિતી નથી.ફરીયાદ વાળો અકસ્માતનો બનાવ બનેલ તે દિવસે પોરબંદર શહેરમાં ભારે વરસાદ થયેલ હતો અને વરસાદના કારણે રસ્તા ઉપર ખુબજ પાણી ભરાઈ ગયેલ હતુ.

**(૮.૧)** ત્યારબાદ **આંક–૧૨ થી સાહેદ સંજયભાઇ નાગાભાઇ કારાવદરા** પુરાવો આપતા જણાવે છે કે, બનાવની તારીખ હાલ મને યાદ નથી. બનાવ આસરે દોઢ બે વર્ષ પહેલા બનેલો. બનાવના દિવસે રાત્રે હું બગવદર હતો ત્યારે મને વનરાજના ભાઇએ ફોન ધ્વારા જણાવેલ કે મારી ગાડી ટોયોટા અર્બન ક્રુઝરનુ સીમરના પાટીયા પાસે જેના રજી નં. જીજે. ૨૫. ૯૦૮૨ જેની સીરીઝ એએ અથવા એબી છે જેનુ એકસીડન્ટ થયેલ છે જેથી હું અને વનરાજના ભાઇ એકસીડન્ટ થયેલ જગ્યાએ મારી ક્રેટા ગાડી લઇને બનાવ સ્થળે ગયેલ અને જઇને જોયુ તો બનાવ સ્થળે વનરાજ તથા ઇશ્વરસિંહને એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે મોકલેલ હતા અને બનાવ સ્થળે ટોયોટા અર્બન ક્રુઝર જેના રજી નં.

જીજે. ૨૫. ૯૦૮૨ એક લીંબડા સાથે ભટકાયેલી હાલતમા જોવા મળેલ અને બનાવ સ્થળે લોકો ધ્વારા જાણવા મળેલ કે બનાવ વખતે વરસાદ ચાલુ હતો અને રોડ પર પાણી હોય જેથી અકસ્માત થયેલ હતો. આ બનાવમા વનરાજભાઈને માથામા ઈજાઓ થયેલ હતી અને ઈશ્વરસિંહને કમરના ભાગે ઈજાઓ થયેલ હતી અને ત્યારબાદ દવાખાને હુ અને વનરાજનો ભાઇ બંને ગયેલા જયા વનરાજભાઇ મરણ ગયેલ છે તેવા સમાચાર મળેલ ત્યારબાદ વનરાજભાઈની લાસનુ પી.એમ કરાવી અંતિમ સંસ્કાર કરેલા.બનાવ અંગે પોલીસે મારૂ નિવેદન લીધેલું.

જયારે સદરહું સાહેદે આરોપી તરફેની **ઉલટ તપાસમાં** એવી હકીકત જણાવેલ છે કે, અકસ્માત વાળો બનાવ મે મારી નજરે જોયેલ નથી. મે પોલીસે અકસ્માત વાળી મારી ગાડી વનરાજભાઇ ચલાવતા હતા તેવું જણાવેલું.

(૯) **<u>તપાસ અમલદારનો પુરાવો :–</u>**

ત્યારબાદ **આંક–૨૦ થી ત.ક.અ. આશિષકુમાર સુરમાજી બારા** પુરાવો આપતા જણાવે છે કે, હાલ હું ઉદ્યોગનગર પો.સ્ટે ખાતે પી.એસ.આઇ તરીકે મારી ફરજ બજાવુ છુ. સને ૨૦૨૪ ના અરસામા મારી ફરજ બગવદર પો. સ્ટે.મા પી.એસ.આઇ તરીકેની હતી તે દરમિયાન ગત તા. ૦૯/૦૮/૨૪ ના રોજ આ કામના ફરિયાદી ચેતનાબેન વા/ઓ વનરાજભાઇ કારાભાઇ ઓડેદરાનાઓએ અમારા રુબરુ ફરિયાદ આપતા અમોએ લખી લીધેલ અને તે ફરિયાદ બગવદર પો. સ્ટ. ગુ. ર. નં. ૪૫૩/૨૦૨૪ થી બી.એન.એસની કલમ–૨૮૧, ૧૦૬(૧), એમ.વી. એકટની કલમ–૧૮૩,૧૮૪,૧૭૭ મુજબ નોંધી લીધેલ. આગળની તપાસ અમોએ જાતે સંભાળી લીધેલી. જે ફરીયાદ આ કામે **આંક–૦૬** થી રજુ છે. અમોને તપાસ મળતા અમો બનાવવાળી જગ્યાએ જઇ સાહેદ સંજયભાઇ નાગાભાઇ કારાવદરાએ બે પંચોની હાજરીમા જગ્યા બતાવતા તે જગ્યાનુ પંચનામુ અમોએ કરેલુ જે **આંક–૧૩** થી રજુ છે.જેમા પંચોની સહી છે તથા રુબરુ તરીકે મારી સહી છે તથા મરણ જનારનુ પંચનામુ કરવા અંગે ભાવસિંહજી હોસ્પીટલે જઇ પંચોની હાજરીમા કરેલ જે પંચનામું **આંક–૧૪** થી રજુ છે.જેમા પંચોની સહી છે તથા રુબરુ તરીકે મારી સહી છે. ત્યારબાદ ઈજા પામનારનુ સારવાર સર્ટી. તથા પી.એમ નોટ મેળવી તપાસના કામે સામેલ રાખેલ જે **આંક–૧૫,૧૬** થી રજુ છે. તેમજ લાસ સોંપ્યા અંગેની મરણ જનારના ઘરના સભ્યોની સહી લઇ પહોંચ આપેલ.ત્યારબાદ ઈજા પામનારનુ સારવાર સર્ટી. તથા પી.એમ નોટ મેળવી તપાસના કામે સામેલ રાખેલ તેમજ લાસ સોંપ્યા અંગેની મરણ જનારના ઘરના સભ્યોની સહી લઇ પહોંચ આપેલ જેમાં મારી સહી ઓળખી બતાવી **આંક–૨૧** થી રજુ છે. ત્યારબાદ આરોપી સ્વખુશીથી પોલીસ સ્ટેશને હાજર થતા તેઓની પાસે ગાડી ચલાવવા અંગેનુ લાયસન્સ માંગતા તેની પાસે ન હોવાનુ જણાઇ આવતા એમ.વી. એકટ કલમ–૧૮૧ કલમ ઉમેરાનો રીપોર્ટ કરેલો. ત્યારબાદ ગાડીના માલીક સંજયભાઇ કારાવદરાનુ નિવેદન નોંધતા તેઓ પો.સ્ટે.ને હાજર થતા ગાડીના જરુરી એવા તમામ કાગળોની ઝેરોક્ષ નકલ મેળવી તપાસના કામે સામેલ રાખી લાગતા વળગતા સાહેદોના નિવેદનો તેઓના લખાવ્યા મુજબ લખી લીધેલ અને સમગ્ર તપાસના અંતે આ કામના આરોપી સામે પુરતો પુરાવો મળી આવતા હાલનુ ચાર્જશીટ કરેલ.

જયારે સદરહું તપાસ અમલદાર આરોપી તરફેની **ઉલટ તપાસમાં** એવી હકીકત જણાવે છે કે, કહેવાતા બનાવવાળો રસ્તો પોરબંદર થી ખંભાળીયા જતો જાહેર રસ્તો છે અને તે રસ્તા પર સતત

માણસો અને વાહનન અવર જવર રહે છે.મે મારી તપાસના કામે રણમલ માલદેભાઈ ઓડેદરા,અરભમ ભીમા સુંડાવદરાનુ નિવેદન લીધેલ નથી.મારી તપાસ દરમ્યાન કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી.કહેવાતા બનાવ સમયે ખુબ જ ભારે વરસાદ પડેલ હતો.આરોપી પાસે લાયસન્સ ન હોવા સબંધે આર.ટી.ઓ કચેરીમાં જઈને કોઈ તપાસ કરેલ હોય કે કોઈ કર્મચારીનુ નિવેદન મે મારી તપાસ દરમ્યાન લીધેલ નથી.

**<u>પુરાવાકીય મુલ્યાંકન :–</u>**

(૧૦) હાલના કામે આરોપી સામે ઈબી.એન.એસ.ની કલમ–૨૮૧,૧૦૬(૧) તથા એમ.વી.એકટની કલમ–૧૮૩,૧૮૪,૧૩૪,૧૭૭,૧૮૧(૩) મુજબનો આરોપ મુકવામાં આવેલ છે. ફરીયાદપક્ષેથી કલમ–૨૮૧ સાબિત કરવા માટે આરોપી વાહન ચલાવતો હતો. તે જાહેર રસ્તા પર ચલાવતો હતો તે અવિચારી અથવા બેદરકારી રીતે ચલાવતો હતો અને આવી રીતે ચલાવવાનું માનવજીવન માટે ભયાનક હતુ અથવા તેનાથી વાગવાનો અથવા ઈજા થવાનો સંભવ હતો તેવું રેકર્ડ પર સાબિત કરવુ પડે તથા ૧૦૬(૧) સાબિત કરવા માટે કોઈ મનુષ્યને અવિચારી અથવા બેદરકારી ભર્યુ કુત્ય થી ઈજા તેમજ ગંભીર ઈજા દ્વારા વ્યક્તિનું મ્રુત્યુ થયેલ હોવાનું સાબિત કરવુ પડે, જ્યારે આ તમામ તત્વો આરોપી વિરુધ્ધ ફરીયાદપક્ષ સાબિત કરે ત્યારે આરોપીએ આ કલમે હેઠળનો ગુનો કરેલ હોવાનું કહેવાય.

(૧૧) આ કામે ફરીયાદી તથા તમામ સાહેદોની જુબાની તથા રેકર્ડ પરના પુરાવા પરથી એ હકીકત નિર્વીવાદીત સાબિત થાય છે કે આ કામે સાહેદ વનરાજભાઈ કારાભાઈ ઓડેદરાનો અકસ્માત થયેલ અને અકસ્માતમાં તેઓને ગંભીર ઈજા થતા તેઓનુ અવસાન થયેલ. આરોપી વિરુધ્ધ પોતાનો કેસ સાબિત કરવા માટે ફરીયાદપક્ષ દ્વારા અકસ્માત આરોપી દ્વારા પોતાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવવાના કારણસર બનેલ હોવાનું રેકર્ડ પર સાબિત કરવુ પડે જે અનુસંધાને ફરીયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો,

**૧૧.૧.** હાલના કામે ફરીયાદી તથા સાહેદો પોતાની જુબાની ધ્યાને લેવામાં આવે તો આ કામે ફરીયાદી પોતાની જુબાનીમાં જણાવે છે કે બનાવની જાણ તેઓને ફોન દ્વારા થયેલ અને બનાવ સમયે આરોપી ગાડી ચલાવતા હતા અને તેઓની ગાડીનો ગાડીનો અકસ્માત થયેલ જેમાં વનરાજનુ અવસાન થયેલ છે. જે સાહેદ પોતાની ઉલટ તપાસમા જણાવે છેકે બનાવ સમયે તેઓ પોતાના ઘરે હતા અને બનાવ તેઓએ નજરે જોયેલ નથી. ત્યારબાદ સાહેદ વેજીબેન કારાભાઈ ઓડેદરા પોતાની આંક ૦૭ ની જુબાનીમાં ગાડીના અકસ્માતમાં વનરાજભાઈનુ અકસ્માત થયેલ હોવાનુ જણાવે છે અને ગાડી ઈશ્વરસિંહ ચલાવતા હોવાનુ

જણાવે છે જે સાહેદ પણ પોતાની ઉલટ તપાસમાં પોતે બનાવ નજરે જોયેલ ન હોવાનુ જણાવે છે. જ્યારે સાહેદ સંજયભાઈ નાગાભાઈ કારાવદરા પોતાની આંક ૧૨ ની જુબાનીમાં જણાવે છે કે બનાવ સમયે વરસાદ હોવાના કારણે રસ્તામાં પાણી ભરાઈ ગયેલ હતા અને પાણીના કારણે અકસ્માત થયેલ જેમાં વનરાજના માથામાં ગંભીર ઈજા થયેલ અને તેઓનુ અવસાન થયેલ. જે સાહેદ પોતાની ઉલટ તપાસમાં બનાવ સમયે ગાડી વનરાજભાઈ ચલાવતા હોવાનુ તેઓને જાણવા મળેલ હોવાનુ જણાવે છે.

આ કામે આંક ૧૩ થી રજુ કરવામાં આવેલ બનાવવાળી જગ્યાનુ પંચનામુ ધ્યાને લેતા બનાવ સમયે બનાવ સ્થળે પાંચ ઈચં જેટલુ પાણી ભરાઈ ગયેલ હોવાનુ જણાઈ આવે છે. જે તમામ હકીકત ધ્યાને લેતા આ કામે તમામ સાહેદ વનરાજભાઈનુ અકસ્માત થયેલ હોવાનુ જણાઈ આવે છે. પરંતુ એકપણ સાહેદ બનાવ સમયે આરોપીની બેદરકારીના કારણે કે તેઓએ વાહન બેફીકરાઈથી ચલાવેલ હોય તેવી એકપણ હકીકત જણાવતા નથી. તેનાથી વિપરિત સાહેદ સંજયભાઈ પોતાની જુબાનીમાં બનાવ સમયે વાહન વનરાજભાઈ ચલાવતા હોવાનુ જણાવે છે.

**૧૧.૩.**વધુમાં અકસ્માતના કેસમાં આરોપી દ્ધારા ગફલતભર્યુ અને બેદરકારીપુર્વક ડ્રાઈવીંગ સાબિત કરવા માટે ફરીયાદ પક્ષ દ્ધારા સૌપ્રથમ તો આરોપી બનાવ સમયે વાહન હંકારતો હતો અને તે ડ્રાઈવીંગ બેદરકારીપુર્વક અને ગફલતભરી રીતે હતુ તેવુ સાબિત કરવુ પડે, માત્ર એરર ઓફ જજમેન્ટના આધારે ડ્રાઈવીંગ બેદરકારીપુર્વક અને ગફલતભરી રીતે હતુ તેવુ માની શકાય નહિ. જે લગત નામદાર ઓરીસ્સા હાઈકોર્ટનો બદ્ધીપ્રસાદ તિવારી વિરુધ્ધ સ્ટેટ ૧૯૯૪ ક્રિ લો જનરલ પેજ નં.૩૮૯ ધ્યાને લેવામાં આવે તો તેમાં પેરા ૫ માં ઠરાવેલ છે કે “ Section 279, IPC deals with rash and negligent driving of any vehicle or riding on a public way in a rash and negligent manner so as to endanger human life or likely to cause hurt or injury to any person. In order to constitute an offence under Section 279, IPC, it must be established that the accused was driving the vehicle on a public way in a rash and negligent manner to endanger human life or likely to cause hurt or injury to any other person. For the purpose of Section 279 rash and negligence may be described as criminal rashness or criminal negligence. It must be more than mere carelessness of error of judgment. The essential ingredients of Section 279 are:

(i) Rash and negligent driving or riding on a public way.

(ii) The act must be such as to endanger human life or likely

to cause hurt or injury to any person.

For an offence punishable under Sec. 304-A, IPC, the point to be established is that the act of accused was responsible for resulting in the death and such act of the accused was rash and negligent although it did not amount to culpable homicide. To establish either of Sections 279 or 304-A rash and negligent has to be established, but only distinction is that in Section-279 rash and negligent act relates to the manner of driving or riding on a public way, while offence under Section 304-A extends to any rash and negligent act falling short of culpable homicide. As indicated above, rashness or negligence to be established must be more than an error of judgment. Distinction between rashness and negligence is that negligence connotes want of proper care, while rashness conveys the idea of reckless doing of an act without consideration of any consequences".

**૧૨.** આમ**,** ઉપરોક્ત કરેલ ચર્ચા અને કાયદાની પરિસ્થિતિ તથા ચુકાદાને ધ્યાને લેતા આ કામે ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા બનાવ સમયે આરોપી વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે માણસોની જીંદગી જોખમાય તે રીતે વાહન ચલાવતો હોયતે સંબધે શંકા ઉપસ્થિત થાય છે અને જ્યારે પણ શંકા ઉપસ્થિત થતી હોય ત્યારે તે શંકાનો લાભ ફોજદારી નીતીશાસ્ત્રના સિંધ્ધાંત મુજબ આરોપીની તરફેણમાં આપવાનો રહે છે**.** જે તમામ પાસાઓ ધ્યાને લેતા ફરીયાદ પક્ષે આરોપી વિરુધ્ધ પોતાનો કેસ નિ**:**શંક પણે પુરવાર કરી શકેલ ન હોય આરોપીનેબી.એન.એસ.ની કલમ–૨૮૧,૧૦૬(૧) તથા એમ.વી.એકટની કલમ–૧૮૩,૧૮૪,૧૩૪,૧૭૭,૧૮૧(૩)મુજબના ગુન્હા સબબ તકસીરવાન ઠેરવી શકાય નહિ**.** જે સંજોગોમાં મુદ્દા નંબર ૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નંબર ૨ લગત નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે**.**

**– :: <u>હુકમ</u> ::–**

**(૧)** આ કામના આરોપીને તેઓની સામેના બી.એન.એસ.ની કલમ–૨૮૧,૧૦૬(૧) તથા એમ.વી.એકટની કલમ–૧૮૩,૧૮૪,૧૩૪,૧૭૭,૧૮૧(૩) મુજબનાં શિક્ષાને પાત્ર ગુન્હામાંથી બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૮(૧) અન્વયે પુરતા પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આરોપીએ બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ ની જોગવાઈ અનુસાર આરોપીએ રૂપીયા ૧૦,૦૦૦/– અંકે દસ હજારના જામીન તથા તેટલી જ રકમના સધ્ધર જામીન અપીલ સમયના રજુ કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તા. ૧૩.૦૩.૨૦૨૬**
**સ્થળ : પોરબંદર**

**(કોમલ કુનાલ રાઠોડ)**
**બીજા એડી. ચીફ જ્યુડીશ્યલ મજીસ્ટ્રેટ**
**પોરબંદર**
**જી.જે.૦૧૧૩૦**

+